PG ICL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

**<u>ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર</u>**

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૭/કવા–૦૨/૧૭–૧૮/ ૮૮૪૮ તા. ૧૧-૧૦-૧૭.

<u>રજી. એ.ડી. પત્ર</u>

પ્રતિ,
મુલતાની પીરમામદ કાસમભાઈ,
ગ્રામ: મોટા વડાળા,
<u>તા. કાલાવડ (શીતલા),</u>
<u>જી. જામનગર</u>
મો: ૯૭૨૪૬૦૦૭૬૯

**વિષય :–વીજપોલ ખસેડવા માટે**
<u>સંદર્ભ:– આપની અરજી , તા. ૨૯–૦૮–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૭/કવા–૦૨/૧૭–૧૮ )</u>

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

ઈન-ચાર્જ કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

<u>નકલ રવાના :</u>
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) <u>નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ)</u>

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૭/કવા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગઃ તા. ૧૯–૦૯–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: મુલતાની પીરમામદ કાસમભાઈ, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદારશ્રી વતી તેમના પુત્ર ઈમરાન પીરમામદ મુલતાની હાજર રહેલ હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ) (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)**

**રજુઆત કરનાર :ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર એમ.એમ.રાબડીયા (કાર્યપાલક ઈજનેર શ્રી ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)**

## : હુકમ :

**ફરીયાદ : વીજપોલ ખસેડવા માટે**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓની ખેતીવાડી ની જમીન ની બાજુમા આવેલ – ચનાભાઈ મેઘાભાઈ ની વાડી મા બોર / કુવો ન હોવા છતા, વીજકંપની ને અંધારામા રાખી અને વીજ જોડાણ મેળવવા માટે ની કાર્યવાહી કરેલ, જેના કારણે તેઓની વાડી મા આવવા – જવા ના રસ્તામા નડતરરૂપ / અકસ્માત થાય તે રીતે વીજલાઈન ઉભી કરવામા આવેલ છે. સદર બાબતે, પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી મા તા.૦૮–૦૫–૧૭ ના રોજ અરજી કરતા, સદર સ્થળ ની રૂબરૂ તપાસ – નાયબ ઈજનેર નિકાવા દ્રારા કરવામા આવેલ છે. પરંતુ, આજદિન સુધી – કોઈ જ કાર્યવાહી કરાયેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ.સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે, નિકાવા પેટા વિભાગીય કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળ ના મોટાવડાળા ગામ ના અરજદાર શ્રી ચનાભાઈ મેઘાભાઈ ગમઢા નુ સામાન્ય યોજના હેઠળ નવુ ખેતીવાડી વીજજોડાણ મંજુર કરાયેલ, જે અનુસંધાને બાજુના ખેડુત શ્રી જયંતિભાઈ ભીખાભાઈ ના હૈયાત જોડાણ વાળા ટીસી પર થી સદર અરજદાર ના ખેતર ની વચ્ચે આવેલ ઓરડી પાસેના બોર પર વીજ જોડાણ માટે નુ ટ્રાન્સફોર્મર ઉભુ કરવા માટે સર્વે કરાયેલ હતુ. પરંતુ, સદર વીજ જોડાણ માટે ના પોલ મુળ સર્વે ની જગ્યા ને બદલે અરજદાર દ્રારા પોતાની વાડી ના ખૂણે – વીજ જોડાણ મેળવી શકાય તે રીતે પીજીવીસીએલ ની મંજુરી વગર – પોતાના અંગત લાભ માટે અન્ય રૂટ ઉપર વીજ લાઈન માટે ના પોલ કોન્ટ્રાકટર પાસે ઉભા કરાવી દેવામા આવેલ છે. આ વીજપોલ બાજુના ખેતર ના માલીક – એટલેકે ફરીયાદી અરજદાર શ્રી મુલતાની પીરમામદ કાસમભાઈ ના શેઢા પાસેથી નિકળે છે. આમ, પીજીવીસીએલ પક્ષકાર ના જણાવ્યા મુજબ – મુળ સર્વે વાળા રૂટ ઉપર – વીજ જોડાણ ની માંગણી મુજબ જે અગાઉ સર્વે થયેલ છે, તે જગ્યાએ જ ફરીથી વીજપોલ ઉભા કરવા જોઈએ, તેમ અભિપ્રાય ફોરમ સમક્ષ રજુ કરેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે ના અહેવાલ કે જેમા નવા જોડાણકાર ને મંજુર કરાયેલ મુળ સર્વે મુજબ ના મુળ સ્થાન પર જ સવાલવાળો વીજ થાંભલો – જે ફરીયાદી અરજદાર ની ફરીયાદ મા જણાવ્યા મુજબ ની ફરીયાદ પરથી ખસેડી અને મુળ નવા અરજદાર ના મુળ સ્થાન પર – મુળ સર્વે મુજબ જ વીજ પોલ ઉભો કરી – જેનો ખર્ચ કસુરવાર જે કોઈ હોય તેમની પાસેથી અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા વસુલ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે નો પીજીવીસીએલ પક્ષકાર ને હુકમ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભામાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.